# <u>પીપલોદમાં મહિલા પાસેથી બેગ લૂંટનાર બે ટાબરીયા ઝડપાયા.</u>

તા.૧૦/૦૨/૨૦૧૭

પીપલોદમાં શ્રીનાથજી સોસાયટીમાં તૃપ્તીબેન દિલીપભાઇ બાહેતી તેમના પરિવાર સાથે રહે છે. તેણી ગત તા.૨૧ મીએ સાંજે પુષ્પક રો હાઉસના મેઇન ગેટ પાસેથી પસાર થતા હતા ત્યારે પલ્સર બાઇક પર આવેલા બે બદમાશો તેમના તરફ ધસી ગયા હતા. તૃપ્તીબેન કાંઇક વિચારે તે પહેલા બાઇકર્સ તેણીના જમણા હાથમાંથી પર્સ ઝુંટવી બાઇક પર નાસી ગયા હતા. પર્સમાં ૧૩ હજારની કિંમતનો મોબાઇલ તથા રોકડા રૂપિયા ૧ હજાર હતા. તૃપ્તીબેનની ફરીયાદના આધારે ઉમરા પોલીસે અજાણ્યાઓ સામે ૧૪ હજારની લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ઇન્સ્પેકટર ધનશ્યામસિંહ સરવૈયાએ સર્વેલન્સ સ્ટાફને કામે લગાડી આ વિસ્તારમાં લાગેલા સીસી કેમેરાના ફૂટેજ એકત્ર કર્યા હતા. જેમાં પર્સ લૂંટી જનાર બ્લ્યુ કલરનું પલ્સર અને તેની ઉપર સવાર યુવકોના ફોટો મળી આવ્યા હતા. આ ફોટોગ્રાફના આધારે બેગ લૂંટનારની ઓળખ અલથાણમાં રહેતા સતીષ વસાવા અને પનાસમાં રહેતા ચિરાગ વાઘેલા તરીકે થઇ હતી. આ માહિતીના આધારે પોલીસ બન્નેના વેરએબાઉટ મેળવી તેઓને પલ્સર સાથે જ ઝડપી લીધા હતા. આ બન્ને ટાબરીયાઓની તપાસમાં તેઓએ પર્સ લૂંટયાની કબૂલાત કરી લીધી હતી.